7

25

31/C


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**જલસેવા ભવન, એરફોર્સ કચેરીની સામે,**
**સેક્ટર-૧૦/એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦**


39

પરિપત્ર ક્રમાંકઃ મુ.ઇ./ચાં/૨૦૦૮/સ્વૈચ્છિક સંસ્થા/એમ-૩/ ૭૯૨ તા.૧૨/૬/૨૦૦૮

**વિષયઃ હેન્ડપંપ મરામત તથા નિભાવણી કામગીરીની નીતિ નક્કીકરવા બાબતઃ**

**વંચાણે લીધાઃ**

(૧) નર્મદા, જળસંપત્તિ,પાણી પુરવઠા વિભાગના ક્રમાંકઃ વીડબલ્યુએસ/૧૦૯૮/૧૩૨૧/ખ-૪/તા.૧૦.૨.૯૯
(૨) નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગના ક્રમાંકઃ વીડબલ્યુએસ/૧૦૯૮/૧૩૨૧/ખ-૪/તા.૧૧.૬.૯૯
(૩) નર્મદા જળસંપત્તિ, પા.પુ.ા વિભાગના ઠરાવક્રમાંકઃવીડબલ્યુએસ/૧૦૯૮/૧૩૨૧/ખ-૪ તા.૨૫/૧૧/૦૬
(૪) મુ.ઇ.(ચાં) ૨૦૦૭/હે.પં/એમ-૩/૧૩૪૧ તા. ૩/૧૦/૦૭
(૫) મુ.ઇ.(ચાં) ૧૦૯૮/હે.પં/૫૦૧/૧૪૯૮ તા. ૨૬/૧૧/૯૮
(૬) મુ.ઇ.(ચાં) ૭૬/૩૬/ તા. ૭/૧/૯૯
(૭) મુ.ઇ.(ચાં) ૧૮૮૦/ તા. ૨૧/૧૧/૨૦૦૦
(૮) મુ.ઇ.(ચાં) ૧૫૯૮/ તા. ૩૦/૧૦/૨૦૦૧

**આમુખઃ**

રાજયમાં ગ્રામ્ય વિસ્તારોમાં બોર્ડ દ્વારા કરવામાં આવેલ હેન્ડપંપોની મરામત અને નિભાવણી સમયસર થાય તો લોકોની પીવાના પાણીની પડતી મુશ્કેલીઓને વધુ ઝડપ અને સહજતાથી નિવારી શકાય, એના નિવારણ માટે હાલ હેન્ડપંપો ગ્રામ પંચાયતને મરામત તથા નિભાવણી અર્થે સોંપણી કરવામાં આવે છે તેવા હેન્ડપંપોની મરામત અને નિભાવણી ગ્રામ પંચાયત કરે છે. તે સિવાયના અન્ય હેન્ડપંપોની મરામત અને નિભાવણી ખાસ કિસ્સામાં રજીસ્ટર્ડ બીન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં ટેન્ડર પ્રકિયાથી એજન્સી નકકી કરીને અથવા તો ખાતાકીય રીતે હેન્ડપંપની મરામત અને નિભાવણી કરવામાં આવે છે. આમ આ બાબતે એકસૂત્રતા ન જળવાતી હોઇ હેન્ડપંપની તમામ મરામત અને નિભાવણી માટે એક ચોકકસ નીતિ નકકી કરવી જરૂરી છે. જેને ધ્યાનમાં રાખી નીચે મુજબ સૂચના પરિપત્રિત કરવામાં આવે છે.

**<u>પરિપત્રઃ</u>**

હેન્ડપંપની મરામત અને નિભાવણીની કામગીરી માટે નીચે મુજબ ક્રમાનુસાર અગ્રતાક્રમે કામગીરી સોંપવાની રહેશે.

(૧) ગ્રામ્ય પાણી સમિતિ
(૨) ગ્રામ પંચાયત
(૩) સંબધિત ઝોનલ મુખ્ય ઇજનેરશ્રી દ્વારા પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબની ક્ષમતા ધરાવતી માન્ય કરેલ બીનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ) મુજબ પસંદગી કરવાની રહેશે.
(૪) ટેન્ડર પ્રક્રિયા થકી મુકરર કરેલ એજન્સી (પરિશિષ્ટ-૨ મુજબ કામગીરી કરવાની રહેશે)
(૫) ખાતાકીય ટીમો દ્વારા રીપેરીંગ

ક્રમ- ૩ માં દર્શાવેલ બીન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને આ પ્રકારની કામગીરી આપવા માટે નિયત કરેલ ધારાધોરણો પરિશિષ્ટ-૧ મુજબ નકકી કરેલ છે તેને અનુસરવાનું રહેશે.

ઉપરોકત સૂચનાનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

માન. સભ્ય સચિવશ્રીની મંજૂરીથી :

(रवि सोलंकी)
મુખ્ય ઇજનેર (યાંત્રિક)

(પાછળ)

35

**નકલ શુભેચ્છાસહ રવાના પ્રતિઃ**

(૧) માન. સચિવશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ. અને ગ. વ્ય. બોર્ડ, ગાંધીનગર
(૩) નાણા નિયંત્રકશ્રી, ગુ. પા.પુ. અને ગ. વ્ય. બોર્ડ, ગાંધીનગર
(૪) મુખ્ય ઇજનેરશ્રી, ઝોન -૧ / ૨ / ૩ / ૪ વડોદરા/અમદાવાદ/રાજકોટ/ભૂજ

**નકલ રવાના પ્રતિઃ**

(૧) અધિક્ષક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, અમદાવાદ / વડોદરા /રાજકોટ/ભૂજ/ગાંધીનગર
(૨) સુપ્રિ.જીઓ હાઇડ્રોલોજીસ્ટ, ગુ.પા.પુ. અને ગ. વ્ય. બોર્ડ, ગાંધીનગર

## પરિશિષ્ટ-૧

હેન્ડપંપ મરામત તથા નિભાવણીની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવા બાબત અગાઉ થયેલ પરિપત્રના પરિપ્રેક્ષ્યમાં નીચે મુજબ સ્વૈચ્છિક સંસ્થાની પસંદગીના ધારાધોરણો ધ્યાનમાં લેવાના રહેશે.

(૧) સ્વૈચ્છિક સંસ્થા ઓછામાં ઓછા પાંચ વર્ષથી ઉપર સહકારી મંડળીઓની નોંધણીના જીલ્લા રજીસ્ટ્રાર / જીલ્લા ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં નોંધાયેલ હોવો જોઇએ.

(૨) હેન્ડપંપમાં દુરસ્તીકરણની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવાનો ત્રણ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.

(૩) વર્ષમાં ૪ વિઝીટ (દર ત્રણ માસમાં એક વીઝીટ ) તે ઉપરાંત જયારે પણ હેન્ડપંપ બંધ પડે ત્યારે જયારે અને ત્યારેના ધોરણે હેન્ડપંપ રીપેરીંગ કરવાના રહેશે.

(૪) હેન્ડપંપ દુરસ્તી માટે જરૂરી માળખાકીય સુવિધાઓ જેવી કે ટેકનીકલ સ્ટાફ, ટુલ કીટ તેમજ વાહન સંસ્થા પાસે ઉપલબ્ધ હોવા જોઇએ જે મુજબ તેમને કામગીરી સોંપી શકાય.

કાર્ય પ્રણાલી બાબતે અગાઉના પરિપત્રોને પણ ધ્યાને લેવાના રહેશે.

35/૮

(૪૨)

# પરિશિષ્ટ-૨

હેન્ડપંપ મરામત તથા નિભાવણીની કામગીરી માટે ટેન્ડરો આમંત્રિત કરીને રીપેરીંગ કરી શકે તેવી એજન્સીઓને સોંપવા બાબતે નીચે મુજબ ધારાધોરણો ધ્યાનમાં લેવાના રહેશે.

(૧) હેન્ડપંપના દુરસ્તીકરણની કામગીરી માટે ત્રણ વર્ષનો સફળતાપૂર્વક કામગીરી કર્યા અંગેનો અનુભવ હોવો જરૂરી છે.

(૨) ટેન્ડરમાં મુકરર કરેલ સમયગાળા માટે ભાડાના વાહનો તથા ઓછામાં ઓછા ત્રણ હેલ્પર પ્રતિ રીપેર ટીમ રાખવાની રહેશે તથા પ્રત્યેક રીપેર ટીમની સાથે પેટા વિભાગમાં પ્રાપ્ય હોય તે ફીટર / હેલ્પર સામેલ રાખવાના રહેશે.

(૩) વર્ષમાં ૪ વિઝીટ (દર ત્રણ માસમાં એક વીઝીટ ) તે ઉપરાંત જયારે પણ હેન્ડપંપ બંધ પડે ત્યારે જયારે અને ત્યારેના ધોરણે હેન્ડપંપ રીપેરીંગ કરવાના રહેશે.

કાર્યપ્રણાલી બાબતે ટેન્ડરની જોગવાઇઓને પણ ધ્યાને લેવાની રહેશે.

(8)

Mech Circle
RaJkot